## જન્મદિને વધામણી



ભાગ્યેશ જહા
મો. ૯૯૭૮૪ ૦૭૬૦૧



ગિરીશકુમાર ઓ રાવલ
મેનેજીંગ ટ્રસ્ટી, ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ
મો. ૯૮૨૫૦ ૩૫૩૮૩



બહેચરભાઈ પી પ્રજાપતિ
સહયોગ મંડળ, ગાંધીનગર
મો. ૯૧૦૬૨ ૦૨૨૩૯



રાજ
પ્રદીપકુમાર ગગલાણી
એમબીબીએસ
મો. ૯૮૨૪૨ ૮૬૧૨૧



આયેશા બલોચ



ધૈર્ય એચ શર્મા
મો. ૯૭૧૪૯ ૧૫૫૯૪

## એસ. વી. સ્કૂલમાં બાળકોએ કર્યું સરસ્વતી માતાનું પૂજન



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં વસંત પંચમી નિમિત્તે વિદ્યાની દેવી સરસ્વતી માતાજીની બાળકોએ આરાધના કરી હતી. જેમાં, સ્કૂલના પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે બાળકોને સરસ્વતી મા વિષે જાણકારી આપી, તેમનું મહત્વ સમજાવી, બાળકોના હસ્તે માતાજીનું પૂજન કરાવી, તેમને 'યા કુંદેન્દુ' શ્લોકનો મંત્રોચાર પણ કરાવ્યો હતો. બાળકો પણ સરસ્વતી મા વિષે માહિતી મેળવી, ખુશ થઈ ગયા હતા. બાળકો સાથે શાળા પરિવારે પણ માનું પૂજન કરી, તેમના આશીર્વાદ લીધા હતા.





રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલી નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશીપ પરીક્ષામાં લીંબોદરાની પીપીઆર સાહ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી વિજય અરવિંદભાઈ વસાવા અને પ્રીત રમેશભાઈ ડામોરે ઉત્તીર્ણ થયા છે. શાળા પરિવાર વતી આચાર્ય તેજસિંહ પરમારે બંને વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

### કડી સર્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની વિદ્યાર્થિની

# પ્રિયંકા દ્વારા આરડીસી સફળતાપૂર્વક સંપન્ન



ગાંધીનગર, તા. ૧૭

કડી સર્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટની સ્વયંસેવક પ્રિયંકા રમણલાલ પરમારે રાજપથ ક્લબ, નવી દિલ્હી ખાતે યોજાયેલી રિપબ્લિક ડે પરેડમાં ભાગ લીધો હતો.

સમગ્ર ભારતના ૩૩ લાખ સ્વયંસેવકો પૈકી ૧૬૦ સ્વયંસેવકોની પસંદગી આ પરેડ માટે કરવામાં આવી હતી, જે પૈકી પ્રિયંકા એક હતી. ઉપરાંત દેશના ચાર ઝોન પૈકી વેસ્ટ ઝોનના પ્રિઆરડીસી કૅમ્પમાં ભાગ લઈ તેણે શ્રેષ્ઠ ૪ સ્વયંસેવકમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું.

૩૧ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી દરમિયાન તેણે રિપબ્લિક ડે પરેડમાં ભાગ લઈ ઉપરાષ્ટ્રપતિ વૈંકૈયા નાયડુ અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો. પ્રિયંકાને માર્ગદર્શન અને અભિપ્રેરણ કૉલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીએ પૂરું પાડ્યું હતું. વિશ્વવિદ્યાલયના પ્રૅસિડેન્ટ વલ્લભભાઈ પટેલ અને કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ આ વિશેષ સિદ્ધિ બદલ પ્રિયંકાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### વિદ્યાર્થીઓએ 'સંસ્કારોત્સવ' થીમ અંતર્ગત પરફોર્મન્સ રજૂ કર્યાં

# એસજી - એસવી પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ







સર્વ વિદ્યાલય કેળવણી સંચાલિત એસ.જી.અને એસ.વી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં 'સંસ્કારોત્સવ' વિષય પર ૨૨મો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ આ વિષય પર વિવિધ ડાન્સ તેમજ હિન્દુ ધર્મના સોળ સંસ્કાર અને બદલતા દોર વિષયે નાટક રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે શાળામાં પ્રથમ આવનાર તેમજ સ્પોર્ટ્સના વિવિધ ક્ષેત્રમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના સમગ્ર સ્ટાફના સહિયારા પ્રયાસથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## મહાત્માનો ઘરકારભાર

મુંબઈમાં અને વિલાયતમાં ઘર માંડીને હું બેઠો હતો તેમાં ને નાતાલમાં ઘર માંડવું તેમાં ભેદ હતો. નાતાલમાં કેટલોક ખર્ચ કેવળ પ્રતિષ્ઠાને અર્થે રાખી રહ્યો હતો. નાતાલમાં હિંદી બારીસ્ટર તરીકે અને હિંદીઓના પ્રતિનિધિ તરીકે મારે ઠીક ખર્ચ રાખવું જોઈએ. એમ મેં માનેલું, તેથી સરસ લત્તામાં ને સારું ઘર રાખ્યું હતું. ઘરનો શણગાર પણ સારો રાખ્યો હતો. ખાવાનું સાદું પણ અંગ્રેજ મિત્રોને નોતરવાનું રહેતું, તેમ જ હિંદી સાથીઓને પણ નોતરતો, તેથી સહેજે તે ખર્ચ પણ વધ્યું.

નોકરની ભીડ તો બધે જણાય જ. કોઈને નોકર તરીકે રાખતાં મને આવડ્યું જ નથી.

મારી સાથે એક સાથી હતો. એક રસોઈયો રાખ્યો હતો. તે કુટુંબી રૂપ બન્યો. ઑફિસમાં જે મહેતા રાખ્યા હતા તેમાંથી પણ જેમને રાખી શકાય તેમને ઘરમં રાખ્યા હતા.

આ અખતરો ઠીક ફળ્યો ગણું છું. પણ તેમાંથી મને સંસારના કડવા અનુભવો પણ મળ્યા.

પેલો સાથી બહુ હોશિયાર ને મારી સમજ પ્રમાણે વધારે વફાદાર હતો. પણ હું તેને ન ઓળખી શક્યો. ઑફીસના એક મહેતાને મેં ઘરમાં રાખ્યા હતા, તેની આ સાથીને અદેખાઈ થઈ. તેણે એવી જાળ રચી કે જેથી હું મહેતા ઉપર શક લાવું. આ મહેતા બહુ સ્વતંત્ર સ્વભાવના હતા. તેમણે ઘર અને ઑફિસ બંને છોડ્યાં. મને દુઃખ થયું. તેમને અન્યાય થયો હશે તો? આ વિચાર મને કોરી રહ્યો હતો.

તેવામાં જે રસોઈયાને મેં રાખ્યો હતો તેને કંઈ કારણસર બીજે જવું પડ્યું. મં તેને મિત્રની સારવારને સારુ રાખ્યો હતો. એટલે તેને બદલે બીજા રસોઈયાને રોક્યો. આ માણસ ઊડતાં પંખી પાડનાર હતો એમ મેં પાછળથી જોયું. પણ, મને કેમ જાણે તેવાની જ જરૂર ન હોય તેમ તે મને ઉપયોગી થઈ પડ્યો.

આ રસોઈયાને રાખ્યાને બે કે ત્રણ દિવસ ભાગ્યે થયા હશે, તેવામાં તેણે મારા ઘરમાં મારી જાણ બહાર ચાલતો સડો જોઈ લીધો ને મને ચેતવવાનો નોશ્ચય કર્યો. હું વિશ્વાસશીલ અને પ્રમાણમાં સારો છું એવી માન્યતા લોકોમાં ફેલાઈ હતી. તેથી આ રસોઈયાને માર જ ઘરમાં ચાલતી ગંદકી ભયાનક જણાઈ.

હું ઑફિસેથી બપોરના ખાણાને સારુ એક વાગ્યે ઘેર જતો. બારેક વાગ્યાનો સુમાર હતો. એવામાં આ રસોઈયો હાંફતો હાંફતો આવ્યો ને મને કહ્યું, 'તમારે કંઈ જોવું હોય તો ઊભા પગે ઘેર ચાલો.'

મેં કહ્યું, 'આનો શો અર્થ? મને તારે કહેવું જોઈએ કે શું કામ છે. આવે ટાણે મારે ઘેર આવવાનું ને જોવાનું શું હોય?'

'નહીં આવો તો પસ્તાશો. હું તમને આથી વધારે કહેવા નથી માગતો,' રસોઈયો બોલ્યો.

તેને દ્રઢતાથી હું તણાયો. મારા મહેતાને સાથે લઈને હું ઘેર ગયો. રસોઈયો આગળ ચાલ્યો.

ઘેર પહોંચતા તે મને મેડી ઉપર લઈ ગયો. જે કોટડીમાં પેલો સાથી રહેતો હતો તે બતાવીને બોલ્યો, 'આ કોટડી ઉઘાડીને જુઓ.'

હું હવે સમજ્યો. મેં કોટડીનો દરવાજો ઠોક્યો.

જવાબ શેનો મળે? મેં ઘણા જોરથી દરવાજો ઠોક્યો. દીવાલ ધ્રૂજી. દરવાજો ઊઘડ્યો. અંદર એક બદચાલ ઓરત જોઈ. મેં તેને કહ્યું , 'બહેન તું તો અહીંથી ચાલી જ જા. હવે કદી ફરી આ ઘરમાં પગ ન મૂકજે. સાથીને કહ્યું, 'આજથી તમારો ને મારો સંબંધ બંધ છે. હું ખૂબ ઠગાયો ને મૂરખ બન્યો. મારા વિશ્વાસનો આ બદલો નહોતો ઘટતો.'

સાથી વીફર્યો. મારું બધું ઉઘાડું પાડવાની મને ધમકી આપી.

'મારી પાસે કંઈ છૂપું છે જ નહીં. મેં જે કંઈ કર્યું હોય તે તમે સુખેથી જાહેર કરજો. પણ તમારી સાથેનો સંબંધ બંધ છે.'

સાથી વધારે તપ્યો. મેં નીચે ઊભેલા મહેતાને કહ્યું, 'તમે જાઓ, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટને મારી સલામ કહો ને કહો કે મારા એક સાથીએ મને દગો દીધો છે, તેને હું મારા ઘરમાં રાખવા નથી માગતો, છતાં તે નીકળવાની ના પાડે છે. મહેરબાની કરીને મને મદદ મોકલો.'

ગુનો રાંક છે. મેં આમ કહ્યું તેવો જ સાથી મોળો પડ્યો. તેણે માફી માંગી. સુપરિન્ટેન્ડેન્ટને ત્યાં માણસ ન મોકલવા આજીજી કરી ને તુરત ઘર છોડી જવાનું કબૂલ કર્યું. ઘર છોડ્યું.




આ બનાવે મારી જિંદગીની ઠીક ચોખવટ કરી. આ સાથી મારે સારુ મોહરૂપ અને અનિષ્ટ હતો, એમ હું હવે જ સ્પષ્ટ રીતે જોઈ શક્યો. આ સાથીને રાખવામાં મેં સારું કરવા બૂરા સાધનને સહ્યું હતું. મેં કડવીની વેલમાં મોગરાની આશા રાખી હતી. સાથીનું ચાલચલણ સારું નહોતું. છતાં મારા પ્રત્યેની તેની વફાદારી મેં માની લીધી હતી. તેને સુધારવાનો પ્રયત્ન કરતાં હું પોતે લગભગ ખરડાયો હતો. મારા હિતેચ્છુઓની સલાહનો મેં અનાદર કર્યો હતો. મોહે મને આંધળોભીંત બનાવ્યો હતો.

જો મજકૂર અકસ્માતથી મારી આંખ ઉઘડી ન હોત, મને સત્યની ખબર ન પડી હોત, તો સંભવ છે કે, જે સ્વાર્પણ હું કરી શક્યો છું તે કરવા હું કદી સમર્થ ન થાત. મારી સેવા હંમેશાં અધૂરી રહેત, કેમ કે તે સાથી મારી પ્રગતિને અવશ્ય રોકત. તેને મારે મારો કેટલોક વખત દેવો પડત. મને અંધારામાં રાખવાની ને આડે દોરવાની તેની શક્તિ હતી.

પણ જેને રામ રાખે તેને કોણ ચાખે? મારી નિષ્ઠા શુદ્ધ હતી. તેથી મારી ભૂલો છતાં હું ઊગર્યો ને મારા પ્રાથમિક અનુભવે મને સાવધાન કર્યો.

પેલા રસોઈયાને કેમ જાણે ઈશ્વરે જ પ્રેર્યો હોય નહીં! તેને રસોઈ આવડતી નહોતી. તે મારે ત્યાં રહી ન શકત. પણે તેના આવ્યા વિના મને બીજું કોઈ જાગ્રત ન કરી શકત. પેલી બાઈ કાંઈ મારા ઘરમાં પહેલી જ આવી હતી એમ નહોતું. પણ આ રસોઈયા જેટલી બીજાની હિંમત ચાલે જ શાની? સાથીના ઉપરના મારા અનહદ વિશ્વાસથી સહુ વાકેફગાર હતા.

આટલી સેવા કરી રસોઈયે તે જ દહાડે મે તે જ ક્ષણે રજા માગીઃ 'હું તમરા ઘરમાં નહીં રહી શકું. તમે ભોળા રહ્યા. મારું અહીં કામ નહીં.'

મેં આગ્રહ ન કર્યો.

પેલા મહેતાની ઉપર શક ઉપજાવનાર આ સાથી જ હતો એ મને હવે જણાયું. તેને ન્યાય દેવા મેં બહુ પ્રયત્ન કર્યો. પણ હું કદી તેને સંપૂર્ણ સંતોષ ન આપી શક્યો. એ મને સદાય દુઃખની વાત રહી. તૂટ્યું વાસણ ગમે તેવું મજબૂત સાંધો છતાં તે સાંધેલું જ ગણાશે, આખું કદી નહીં થાય.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

## દુશ્મનોને ધૂળ ચટાડવાની માગ છે

આ નથી આંસુ, આ તો આગ છે;
બદલો લેવાનો ખરો આ લાગ છે.
આમ સૈનિક શાંતિનું તો છે પ્રતિક;
ભારત દેશનો આ જ મોટો ત્યાગ છે.
શહીદોના ઘરમાં માતમ રમે છે;
આ જ માતમ દુશ્મનોને વાગશે.
એક નહિ, બદદુઆ અનેક ઉઠશે;
દુશ્મનોનાં ગાત્રો સૈનિક ભાંગશે.
ફરિશ્તાનો સૈનિકો પણ વંદશે;
ન સમજો તો આ જ કાળો નાગ છે.
બોલે વંદેમાતરમ ભારત હૃદય;
દુશ્મનોને ધૂળ ચટાડવાની માંગ છે.

-મહેન્દ્રભાઈ રાઠોડ

•

## પાકિસ્તાની દુશ્મનના ચીરો નકાબો

જવાનોની શહાદતને ન એળે જવા દ્યો,
જતાવી ખુમારીને યુદ્ધ જ થવા દ્યો.
હવે શાંતિ-મૈત્રી વા અહિંસાને છોડો,
કેવળ દારૂગોળો ને બોંબ જ વછોડો.
કરો દુશ્મનોના સરવ દાંત ખાટા,
ઈ આતંકીઓના હવે વાઢો માથા.
પાકિસ્તાની દુશ્મનના ચીરો નકાબો,
પિશાચીને દઈ દ્યો કરારા જવાબો.
શિવાજી-પ્રતાપના અમે છંઈએ વંશજ,
તમે ઈ ન ભૂલશો અરિ થૈને નિર્લજ્જ.
ભભૂકે છે લાવા પ્રતિશોધ અંતર,
ફગાવો ને ફોડો, સંવાદોના જંતર.
ભૂલી પક્ષાપક્ષી બધાં થ્યાં છે ભેળા,
આવી ગઈ છે કૌવત બતાવાની વેળા.
દરેક હિંદી જણની દિલી લાગણી છે,
છેડો યુદ્ધ એવી પ્રચંડ માગણી છે.
કરોડોનાં હૈયાં થીયાં આજ ક્રોધિત,
ચુંમાલીસ સાટે, કરો કત્લ અગણિત.
ભલે લોકશાહીનો લાંછન હા ! લાગે,
હવે દેશ-સ્વજનો તો ન્યાય જ માગે.
હવે છોડીએ બુદ્ધ-મહાવીરના ચીલા,
નરાધમના શિરે તો શોભે જ ખીલા.
કરી યાદ સરદાર ને ઈંદિરાજી,
ભલે વ્હોરી લઈએ જગત ઈતરાજી.

-ભરત કવિ 'ઊર્મિલ'

## સી. એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજનો એન.એસ.એસ. કેમ્પ રાજપુર મુકામે યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત સી. એન. આર્ટસ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ દ્વારા એન.એસ.એસ. કેમ્પ રાજપુર મુકામે યોજવામાં આવ્યો હતો. "સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત"ના વિચારને કેન્દ્રમાં રાખીનો શિબિરના શિબિરાર્થીઓએ વિભિન્ન પ્રવૃત્તિઓ કરી હતી, જેમાં મતદાતા દિવસની ઉજવણી, મહિલા સશક્તિકરણ, મેડિકલ ચેક-અપ કેમ્પ, યોગ દિવસ, પ્રવાસીય દિવસ, બેંકિંગ અવેરનેસ, પ્રાથમિક આરોગ્ય અંગેની જાગૃતતા, દુધ ઉત્પાદન અને તેની માહિતી માર્ગદર્શન, વિવિધ પ્રકારના બૌધિક વ્યાખ્યાનો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. સંસ્થાના મંત્રી નલિનભાઈ શાહ તેમજ સંસ્થાના આચાર્ય ડાૅ. જી. ડી. ત્રિપાઠીએ શિબિરાર્થીઓને ખાસ શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સમગ્ર આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રોનકકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું.




માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજની ૧૭ પ્રશિક્ષણાર્થી બહેનો તથા બે અધ્યાપકોએ પાટણ ખાતે રાજ્યકક્ષાના રમતોત્સવમાં વ્યક્તિગત તથા સાંઘિક રમતોમાં ભાગ લીધો હતો, જે પૈકી રસ્સાખેંચમાં અડાલજની ટીમ પ્રથમ આવી ચેમ્પિયન બની હતી. ખો-ખોમાં અધ્યાપન મંદિરની ટીમ ત્રીજા ક્રમે વિજયી બની હતી. ગોળાફેંકમાં કલ્પના બારીઆ પ્રથમ, યોગાસનમાં રંજન કંડોરીયા તૃતિય અને દિવ્યાંગ વિદ્યાર્થીઓની રમત સ્પર્ધામાં પ્રેમીલા ડામોર ગોળાફેંક તથા ચક્રફેંકમાં પ્રથમ ક્રમે વિજેતા બની હતી. આ સમગ્ર ટીમનાં કૅપ્ટન પાયલબેન કાગડિયા, કોચ ભારતીબેન છત્રોલા અને ટીમ મૅનેજર રીટાબેન ચૌધરીને સંસ્થાનાં આચાર્ય સુરેખાબેન ચૌધરીએ સમગ્ર સંસ્થા વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



વાહનવ્યવહાર કમિશનર, ગુજરાત રાજ્ય દ્વારા તાજેતરમાં રોડ સેફટી વીકની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત રોડ સેફટી અને ટ્રાફિકના નિયમો અંગે જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવન એન્ટરટેઈનમેન્ટ એન્ડ ઈવેન્ટ્સ દ્વારા બારડોલીના જુદા-જુદા વિસ્તારો ખાતે આ હેતુ શેરી નાટકોની ભજવણી કરવામાં આવી હતી. મિતેષ પાંડવ, કમલ હસન, ધ્વાનિકા પંચાલ, દેવી મકવાણા અને પ્રશાંત રાવલ દ્વારા આ શેરી નાટકો માટે પોતાનો અભિનય આપવામાં આવ્યો હતો.